# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૧ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૭૭ | ૨૮ મે, ૨૦૧૬, શનિવાર ; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રિયંકા ગાંધીને પ્રોજેક્ટ કરવા માંગ



રાંચી,તા. ૨૭

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટે નવા નવા સુચન પાર્ટીના નેતાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.કોંગ્રેસની એકપછી એક જગ્યાએ કારમી હાર થઇ રહી છે ત્યારે હવે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રીટા બહુગુણા દ્વારા માંગ કરવામાં આવી છે કે પાર્ટી કાર્યકરો ઇચ્છે છે કે પ્રિયંકા વાઢેરાને યુપીના મુખ્યપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે.

# નીટના વટહુકમ પર મનાઈનો સુપ્રીમનો ઈન્કાર

### સ્ટે મુકવાની માંગ કરતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દેવાઈ : રાજ્યોને રાહત : વટહુકમ પર સ્ટે મુકવા સુપ્રીમ કોર્ટના ઈન્કાર બાદ હવે રાજ્યો તેમની પોતાની અલગ મેડિકલ પરીક્ષા લઈ શકશે

નવી દિલ્હી,તા. ૨૭

સુપ્રીમ કોર્ટે આજે તેમની પોતાની મેડિકલ પ્રવેશ પરીક્ષ લેવા માટે રાજ્યોને મંજુરી આપનાર કેન્દ્ર સરકારના વટહુકમ પર સ્ટે મુકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. આની સાથે જ અલગ પરીક્ષાનો માર્ગ હવે મોકળો થયો છે. સુપ્રીમ કોર્ટના આદેશનો મતલબ એ થયો કે હવે રાજ્યો તેમની પોતાની અલગ મેડિકલ પ્રવેશ પરીક્ષા સાથે આગળ વધી શકે છે. વિદ્યાર્થીઓને પ્રવેશ માટે સિંગલ નીટ પરિણામનો ઉપયોગ કરવાની કોઈ જરૂર રહેશે નહી. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યુ હતુ કે નીટ વટહુકમ પર કોઇ પણ પ્રકારનો સ્ટે મુકવાની બાબત હવે વધારે ગુચવણ વિદ્યાર્થીના મનમાં ઉભી કરી શકે છે. કોર્ટે કહ્યુ હતુ કે પ્રવેશ પરીક્ષાના મામલે વધારે ગુંચવણ ઉભી કરવાના પ્રયાસ કરવા જોઈએ નહી. નિશ્ચિતઆત્મવિશ્વાસ સાથે વિદ્યાર્થીઓ પરક્ષામાં બેસે તેમ અમે ઈચ્છીએ છીએ. ગયા સપ્તાહમાં કેબિનેટ દ્વારા મંજુર કરવામાં આવેલા વટહુકમને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ મંગળવારે મંજુરી આપી હતી. અત્રે નોંધનીય છે કે કોમન મેડિકલ ટેસ્ટ (નીટ) સાથે સંબંધિત વટહુકમને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ મંગળવારે લીલીઝંડી આપી દીધી હતી. આની સાથે જ રાજ્યોના બોર્ડને એક વર્ષ સુધી નીટમાંથી રાહત મળી ગઈ હતી.


રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ એમબીબીએસ અને ડેન્ટલ મેડિકલ અભ્યાસક્રમ માટે આ વર્ષે યોજાનારી સંયુક્ત મેડિકલ પ્રવેશ પરીક્ષાથી ગુજરાત સહિતના રાજ્ય બોર્ડને બહાર રાખવા સાથે સંબંધિત વટહુકમ પર કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા બાદ લીલીઝંડી આપી દીધી હતી અને વટહુકમ પર હસ્તાક્ષર કરી દીધા હતા. નીટના સંદર્ભમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ સ્પષ્ટીકરણ માંગ્યું હતું. જેનો જવાબ આપવા માટે એટર્ની જનરલ મુકુલ રોહતાગી મંગળવારના દિવસે આરોગ્ય મંત્રાલયના ટોચના અધિકારીઓ સાથે રાષ્ટ્રપતિ ભવનમાં ઉપસ્થિત રહ્યા હતા.

## અતિ આધુનિક બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ

### ૨૯૦ કિલોમીટર બ્રહ્મોસ મિસાઇલની રેંજ : પરીક્ષણ વેળા ટોચના સંરક્ષણ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા

પોખરણ,તા. ૨૭

ભારતે આજે અતિઆધુનિક બ્રહ્મોસ જમીનથી પ્રહાર કરવામાં સક્ષમ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. પોખરણ ફાયરિંગ રેંજ ખાતે બપોરે ૧૨ વાગે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સેનાએ આજે ૨૯૦ કિલોમીટરની રેંજ ધરાવતી બ્રહ્મોસ સુપર લેન્ડ એટેક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ અધિકારીએ કહ્યું હતું કે, આ મિસાઈલ ખુબ જ અતિઆધુનિક છે. યુઝર ડેવલપમેન્ટ મારફતે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષણ ખુબ જ સફળ રહ્યું છે. બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ ખુબ જ અતિઆધુનિક અને ઘાતક છે. ભારતીય સેના માટે આ ખુબ જ અસરકારક સાબિત થઈ શકે છે. બ્રહ્મોસ એરો સ્પેસના વડાએ કહ્યું હતું કે, સફળ પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં



સંરક્ષણ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૦૭માં સેનામાં બ્રહ્મોસની લેન્ડ એકેટ વર્ઝન પ્રોફેશનલ થઈ ચુકી છે. ફાયર એન્ડ ફોરગેટ મિસાઈલ જમીન સ્થિત ટાર્ગેટ ઉપર સફળ રીતે પડી શકે છે. આ મિસાઈલ ૨૯૦ કિલોમીટરની રેંજ ધરાવે છે. તેની ઝડપ પણ ખુબ વધારે છે. આ મિસાઈલની વિશેષતા એ છે કે, આ મિસાઈલ જમીન, દરિયાઈ, સબ દરિયાઈ, હવાથી લોંચ થઈ શકે છે અને જમીન ટાર્ગેટને સફળરીતે પાર પાડી શકે છે. બ્રહ્મોસ મિસાઈલ ભારત અને રશિયા દ્વારા સંયુક્તરીતે તૈયાર કરવામાં આવી છે. ભારતના ડીઆરડીઓ અને રશિયન એનપીઓએમ દ્વારા સંયુક્તરીતે તૈયાર કરવામાં આવી છે.






## મમતા બેનર્જીની મુખ્યમંત્રી પદે શપથવિધિ

### મમતા બેનર્જીના મંત્રીમંડળમાં ૪૨ સભ્યો : રેડરોડ ઉપર આયોજિત ભવ્ય કાર્યક્રમમાં અનેક રાજ્યોના મુખ્યમંત્રી હાજર રહ્યા : અરુણ જેટલી પણ હાજર રહ્યા

કોલકાતા,તા. ૨૭

મમતા બેનર્જીએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. સતત બીજી વખત મુખ્યમંત્રી તરીકે મમતા બેનર્જીની તાજપોશી કરવામાં આવ્યું હતું. તેમના મંત્રીમંડળમાં ૪૨ સભ્યો છે. રાજ્યના રાજ્યપાલ કેસરીનાથ



ત્રિપાઠીએ રેડરોડ ઉપર આયોજિત ભવ્ય કાર્યક્રમમાં ૬૧ વર્ષીય મમતા બેનર્જીને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. તેમના પ્રધાનમંડળમાં ૧૮ નવા ચહેરાઓ છે. મમતા બેનર્જીની સાથે શપથ લેનારાઓમાં અમિત મિત્રા, પાર્થ

● અનુસંધાન પાન-૭ પર

**ઘરકામ માટે કામવાળા બહેન જોઈએ છે**

સેક્ટર-૨/બી ખાતે પ્લોટ નં. ૪૨૫/૨ના રહેણાંક માટે ફુલ ટાઈમ કામવાળા બહેન જોઈએ છે.
રૂબરૂમાં સંપર્ક કરવો અગર
**મોબાઈલ નં. ૯૯૨૪૩૭૭૯૯૯**
ઉપર પણ કોન્ટેક્ટ કરી શકાશે.


we promise to care

## ગાંધીનગરની NO.1 કોમર્સ સ્કૂલ

# N.K. સ્કૂલ ઓફ કોમર્સ

## ધોરણ 11-12 (કોમર્સ) ગુજરાતી માધ્યમ

### માર્ચ ૨૦૧૫ કેન્દ્રમાં કુલ ૧૦ માંથી ૮ N.K. નાં

| કેન્દ્રમાં ત્રીજો | કેન્દ્રમાં ચોથો | કેન્દ્રમાં પાંચમો | કેન્દ્રમાં છઠ્ઠો | કેન્દ્રમાં સાતમો | કેન્દ્રમાં આઠમો | કેન્દ્રમાં નવમો | કેન્દ્રમાં દસમો |
|---|---|---|---|---|---|---|---|
| ZALA ASMITA MAHAVEERSINH | DAVERA JYOTI DURGESHBHAI | PATEL DHRUV RAMESHBHAI | CHVDA ABHAYJITSINH BHUPATSINH | Parmar Ghanshyam Dineshbhai | RATHVI MANSI RAJUBHAI | PATEL KAIVAL DINESHBHAI | DABHI FRANCIS PAULINUS |
| PER. :88.85% | PER. :88.71% | PER. :87.42% | PER. :87.28% | PER. :87.00% | PER. :86.71% | PER. :86.57% | PER. :86.42% |
| PR. :99.89 | PR. :99.88 | PR. :99.80 | PR. :99.78 | PR. :99.76 | PR. :99.73 | PR. :99.72 | PR. :99.71 |
| | બોર્ડમાં પ્રથમ (SEBC) | | | બોર્ડમાં સાતમો (SEBC) | | | |

### માર્ચ ૨૦૧૪ કેન્દ્રમાં કુલ ૧૦ માંથી ૮ N.K. નાં

| કેન્દ્રમાં પ્રથમ | કેન્દ્રમાં ત્રીજો | કેન્દ્રમાં પાંચમો | કેન્દ્રમાં પાંચમો | કેન્દ્રમાં છઠ્ઠો | કેન્દ્રમાં છઠ્ઠો | કેન્દ્રમાં સાતમો | કેન્દ્રમાં નવમો |
|---|---|---|---|---|---|---|---|
| PAREKH HEENA V. | RAVAL KAVITA DILIPBHAI | JOSHI ASHRUTI YAGNIKKUMAR | DHRUV GRISHMA DILIPBHAI | KAPADIYA KRUPAL AMRUTBHAI | CHHABHAIYA ROSHANI K. | SONI NIDHI PARESHBHAI | DARJI SUNNY BIPINBHAI |
| PER. :89.86% | PER. :87.43% | PER. :86.71% | PER. :86.71% | PER. :86.28% | PER. :86.28% | PER. :85.86% | PER. :85.07% |
| PR. :99.95 | PR. :99.84 | PR. :99.79 | PR. :99.79 | PR. :99.75 | PR. :99.75 | PR. :99.70 | PR. :99.58 |
| | | | | બોર્ડમાં ચોથો (SEBC) | | | |

### માર્ચ ૨૦૧૩ કેન્દ્રમાં કુલ ૧૦ માંથી ૫ N.K. નાં

| કેન્દ્રમાં બીજો | કેન્દ્રમાં ચોથો | કેન્દ્રમાં છઠ્ઠો | કેન્દ્રમાં છઠ્ઠો | કેન્દ્રમાં સાતમો |
|---|---|---|---|---|
| SIPAI MO.SOHEL | VALAND DRASHTEE MAHESHBHAI | SONI HARSH A. | PATEL MANALI ARUNBHAI | CHAUHAN PRADIP B. |
| PER. :87.29% | PER. :85.28% | PER. :84.71% | PER. :84.71% | PER. :84.43% |
| PR. :99.90 | PR. :99.75 | PR. :99.69 | PR. :99.69 | PR. :99.66 |

### માર્ચ ૨૦૧૨ કેન્દ્રમાં કુલ ૧૦ માંથી ૩ N.K. નાં

| કેન્દ્રમાં પ્રથમ | કેન્દ્રમાં ત્રીજો | કેન્દ્રમાં છઠ્ઠો |
|---|---|---|
| PATEL BINAL JAGDISHBHAI | ZARANA VIJAYBHAI SHAH | PATEL FALGUNI ANILBHAI |
| PER. :88.86% | PER. :87.14% | PER. :85.14% |
| PR. :99.94 | PR. :99.86 | PR. :99.65 |

➡ March 2015 માં ધો.10 નાં 26 રીપીટર વિદ્યાર્થીઓ હતા તે તમામ પાસ 98.38% School Results
➡ March 2013 માં ધો.10 નાં 17 રીપીટર વિદ્યાર્થીઓ હતા તે તમામ પાસ 92.03% School Results

સમગ્ર ગાંધીનગરમાં સૌથી વધુ પરિણામ મેળવતી સ્કૂલ

**Directors : Rajesh Darji M.99250 17280, Ashif Mansuri M.98246 35132, 9228008474**

**સરનામું : સેક્ટર-૨૮, મુખ્ય શોપીંગ સેન્ટરની નજીક, દત્ત મંદિરની પાછળ, વસંતકુંવરબા કેમ્પસ ગાંધીનગર.**